GJGS010013092023

દાખલ તારીખ : ૨૭/૦૯/૨૦૨૩
નોંધ્યા તારીખ : ૨૭/૦૯/૨૦૨૩
નિર્ણય તારીખ : ૧૭/૦૪/૨૦૨૬
મુદત : વર્ષ–૦૨, માસ–૦૬, દિવસ–૨૧

================================================

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી.૨૦૦૧–૯૩**
**તા.૨૦.૦૫.૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**
**FORM–A**

================================================

**ગીર સોમનાથ જિલ્લાના એડિશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

---

**શ્રી જે. જે. પંડયા**
**એડિશ્નલ સેશન્સ જજ**
**ગીર સોમનાથ, વેરાવળ**
**ચુકાદાની તા.૧૭/૦૪/૨૦૨૬**

---

**સેશન્સ કેસ નં.૧૩૩/૨૦૨૩**

---

| **એફ. આઈ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | સુત્રાપાડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં.૩૦૫૦/૨૦૧૪ |
| **ગુનો** | ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો ૨૦૧૦ ની કલમ–૪ તથા ખાણ ખનીજ વિકાસ નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) (એ) તથા ૨૧ તથા ગુજરાત ખનીજ નિયમો ૨૦૦૫ ની કલમ ૩,૫,૬,૧૩,તેમજ ખાણ ખનીજ અધિનિયમ ૧૯૫૭ની કલમ–૨૨ હેઠળ મળેલ સતાની રૂએ નિયમ ૪(૧)(એ),૨૧(૧)(૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ની કલમ–૩ તથા આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ |
| **તહોમતનામા મુજબ તહોમત** | ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો ૨૦૧૦ ની કલમ–૪ તથા ખાણ ખનીજ વિકાસ નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) (એ) તથા ૨૧ તથા ગુજરાત ખનીજ નિયમો ૨૦૦૫ની કલમ ૩,૫,૬,૧૩,તેમજ ખાણ ખનીજ અધિનિયમ ૧૯૫૭ની કલમ–૨૨ હેઠળ મળેલ સતાની રૂએ |

| | |
|---|---|
| | નિયમ ૪(૧)(એ),૨૧(૧)(૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ની કલમ–૩ તથા આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>મુળ ફરીયાદી શ્રી જાલોધરા ભરતકુમાર મગનભાઇ |
| **વિ. એ. પી. પી. શ્રી** | કે.ડી.વાળા |
| **આરોપી નં.૧** | **ભગવાનભાઈ જેઠાભાઈ સોલંકી જાતે કોળી** ઉ.વ.૪૮, રહે. લાટી તા.સુત્રાપાડા**(એબેટ)** |
| **આરોપી નં.૨** | **ગોવિંદભાઈ નારણભાઈ સોલંકી જાતે કોળી** ઉ.વ.૩૨, રહે. લાટી તા.સુત્રાપાડા |
| **આરોપી નં.૩** | **રમેશભાઈ સરમણભાઈ મેવાડા જાતે કોળી** ઉ.વ.૩૧, રહે. કદવાર તા.સુત્રાપાડા, |
| **આરોપી નં.૪** | **લખમણભાઈ વાસાભાઈ ખુંટડ જાતે કોળી** ઉ.વ.૪૦, રહે. લાટી તા.સુત્રાપાડા, |
| **આરોપી નં.૫** | **બીજલભાઈ પાંચાભાઈ કામળીયા જાતે કોળી** ઉ.વ. ૪૦ રહે. લાટી તા.સુત્રાપાડા, |
| **આરોપી નં.૬** | **વિજયભાઈ કાળાભાઈ સોલંકી જાતે આહીર** ઉ.વ.૨૮, રહે. લાટી તા.સુત્રાપાડા |
| **આરોપી નં.૭** | **પુંજાભાઈ કાનાભાઈ છાત્રોડીયા જાતે આહીર** ઉ.વ.૩૫, રહે. લાટી તા.સુતાપાડા, |
| **આરોપી નં.૮** | **વીરાભાઈ ઉર્ફે બીલાભાઈ જીવાભાઈ સોલંકી જાતે કોળી ઉ**.વ.૩૨, રહે. લાટી તા.સુત્રાપાડા |
| **આરોપી નં.૯** | **ગોપાલભાઈ ભીખાભાઈ સોલંકી જાતે કોળી** ઉ.વ.૨૨, રહે. લાટી તા.સુત્રાપાડા |
| **આરોપી નં.૧૦** | **રામાભાઈ માલાભાઈ સોલંકી જાતે કોળી,** ઉ.વ.૩૫, રહે. લાટી તા. સુતાપાડા |
| **આરોપી નં.૧૧** | **જેસુખભાઈ વરજાંગભાઈ સોલંકી જાતે આહીર** ઉ.વ.૩૫, રહે. લાટી તા.સુત્રાપાડા, |
| **આરોપી નં.૧૨** | **અજીતભાઈ ઉર્ફે અજયભાઈ દેવસીભાઈ બારડ જાતે આહીર**<br>ઉ.વ.૩૪, રહે. કદવાર તા.સુતાપાડા |
| **આરોપી નં.૧૩** | **નારણભાઈ કરશનભાઈ સોલંકી જાતે આહીર** ઉ.વ.૨૮ રહે. લાટી તા.સુત્રાપાડા, |
| **આરોપી નં.૧૪** | **નવીનભાઈ જગામાલભાઈ ઉર્ફે જગાભાઈ ઝાલા જાતે આહીર** ઉ.વ.૨૪ રહે. છાત્રોડા તા.વેરાવળ |

| | |
|---|---|
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | એચ.સી.ચૌહાણ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૬/૦૬/૨૦૧૪ |
| **ફરીયાદની તારીખ** | ૦૩/૦૭/૨૦૧૪ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૭/૦૯/૨૦૨૩ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૧૯/૧૧/૨૦૨૪ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૨૯/૦૯/૨૦૧૬ |
| **ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યાની તારીખ** | ૧૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૭/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | – |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શુ સજા કરી ? | ક્રિ. પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **ભગવાનભાઈ જેઠાભાઈ સોલંકી જાતે કોળી** | ૧૭/૦૯/ ૨૦૧૪ | ૧૭/૦૯/ ૨૦૧૪ | ઇ.પી.કો. કલમ–૩૭૯ વગેરે | નિર્દોષ | ના | – |
| **૨** | **ગોવિંદભાઈ નારણભાઈ સોલંકી જાતે કોળી** | ૧૭/૦૯/ ૨૦૧૪ | ૧૭/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૩** | **રમેશભાઈ સરમણભાઈ મેવાડા જાતે કોળી** | ૧૭/૦૯/ ૨૦૧૪ | ૧૭/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૪** | **લખમણભાઈ વાસાભાઈ ખુંટડ જાતે કોળી** | ૧૭/૦૯/ ૨૦૧૪ | ૧૭/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૫** | **બીજલભાઈ પાંચાભાઈ કામળીયા જાતે કોળી** | ૧૭/૦૯/ ૨૦૧૪ | ૧૭/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૬** | **વિજયભાઈ** | ૧૮/૦૯/ | ૧૮/૦૯/ | | નિર્દોષ | ના | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **કાળાભાઈ સોલંકી જાતે આહીર** | ૨૦૧૪ | ૨૦૧૪ | " | | | |
| **૭** | **પુંજાભાઈ કાનાભાઈ છાત્રોડીયા જાતે આહીર** | ૧૮/૦૯/ ૨૦૧૪ | ૧૮/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૮** | **વીરાભાઈ ઉર્ફે બીલાભાઈ જીવાભાઈ સોલંકી જાતે કોળી** | ૧૮/૦૯/ ૨૦૧૪ | ૧૮/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૯** | **ગોપાલભાઈ ભીખાભાઈ સોલંકી જાતે કોળી** | ૧૮/૦૯/ ૨૦૧૪ | ૧૮/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૧૦** | **રામાભાઈ માલાભાઈ સોલંકી જાતે કોળી,** | ૧૮/૦૯/ ૨૦૧૪ | ૧૮/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૧૧** | **જેસુખભાઈ વરજાંગભાઈ સોલંકી જાતે આહીર** | ૨૫/૦૯/૨ ૦૧૪ | ૨૫/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૧૨** | **અજીતભાઈ ઉર્ફે અજયભાઈ દેવસીભાઈ બારડ જાતે આહીર** | ૨૫/૦૯/૨ ૦૧૪ | ૨૫/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૧૩** | **નારણભાઈ કરશનભાઈ સોલંકી જાતે આહીર** | ૨૫/૦૯/૨ ૦૧૪ | ૨૫/૦૯/ ૨૦૧૪ | " | નિર્દોષ | ના | – |
| **૧૪** | **નવીનભાઈ જગામાલભાઈ ઉર્ફે જગાભાઈ ઝાલા જાતે આહીર** | ૧૩/૦૨/ ૨૦૧૫ | ૧૩/૦૨/ ૨૦૧૫ | " | નિર્દોષ | ના | – |

## FORM-C
## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ખીમાભાઇ મેણસીભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૨૯ |
| ૨ | મુકેશભાઇ મેરામણભાઇ સોલંકીની જુબાની | સાહેદ | ૩૧ |
| ૩ | નારણભાઇ ઉકાભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૩૨ |
| ૪ | ભીમાભાઇ વાહાભાઇ છાત્રોડાની જુબાની | પંચસાહેદ | ૩૩ |
| ૫ | હિતેશભાઇ માણેકલાલ ભડીયાદરાની જુબાની | સાહેદ | ૩૫ |
| ૬ | સહદેવભાઇ જોરસંગભાઇની જુબાની | જુનીયર કલાર્ક | ૩૬ |
| ૭ | નવનીતભાઇ દેવાયતભાઇની જુબાની | જુનીયર કલાર્ક | ૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૮ | જુવાનસિંહ ઘનશ્યામસિંહની જુબાની | રેડીંગ પાર્ટીના સાહેદ | ૩૮ |
| ૯ | કાનાભાઇ અરજણભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૩૯ |
| ૧૦ | જીજ્ઞેશભાઇ રસીકલાલ દવેની જુબાની | સાહેદ | ૪૦ |
| ૧૧ | રવિરાજસિંહ અશોકસિંહ જાડેજાની જુબાની | ત.ક.અમલદાર | ૪૬ |
| ૧૨ | રમેશભાઇ અભુભાઇ જાદવની જુબાની | ત.ક.અમલદાર | ૪૭ |
| ૧૩ | ભરતકુમાર મગનભાઇની જુબાની | ફરિયાદી | ૪૮ |

## (બી) <u>બચાવપક્ષે સાહેદ જો હોય તો :–</u>

| **સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) <u>કોર્ટ સાહેદ જો હોય તો :–</u>

| **સાહેદ નંબર** | **સાહેદનુ નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

## <u>ફરીયાદપક્ષ તરફે રજુ દસ્તાવેજી પુરાવા</u>

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૩૦ |
| ૨ | પંચરોજકામ | ૩૪ |
| ૩ | અરજદારની અરજી તથા ખરી નકલ | ૪૧–૪૨ |
| ૪ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૩ |
| ૫ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૪ |
| ૬ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૫ |
| ૭ | સીઝરમેમો | ૪૯ |
| ૮ | ફરિયાદ | ૫૦ |
| ૯ | ફોટોગ્રાફસ | ૫૧–૫૪ |

## <u>બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો</u>

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| – | – | – |

## ॥ ચુકાદો ॥

**૧.** આરોપીઓ ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો ૨૦૧૦ ની કલમ-૪ તથા ખાણ ખનીજ વિકાસ નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) (એ) તથા ૨૧ તથા ગુજરાત ખનીજ નિયમો ૨૦૦૫ ની કલમ ૩,૫,૬,૧૩,તેમજ ખાણ ખનીજ અધિનિયમ ૧૯૫૭ની કલમ-૨૨ હેઠળ મળેલ સતાની રૂએ નિયમ ૪(૧)(એ),૨૧(૧)(૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ની કલમ-૩ તથા આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૨.** ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૬.૦૬.૨૦૧૪ ના કલાક ૦૯:૩૦ ના સુમારે લોખંડની ચકરડીઓ તથા ડીઝલ એન્જીનો વડે સરકારી જમીનમાં ખનીજનુ વગર મંજુરીએ વહન/ખોદકામ તથા સંગ્રહ તથા વેચાણ કરી કુલ-૧૬૧૯૯ મેટ્રીકટન ખનીજનુ ખનન કરેલ તથા ચકરડી નંગ ૧૫ ડીઝલ એન્જીનો સાથે કિ.રૂ. ૩૮,૮૭,૭૬૦/- ખનીજ ચોરી કરી આરોપીઓએ ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ ની કલમ ૪ તથા ખાણ ખનિજ વિકાસ અને નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ તથા ૨૧ ગુજરાત ખનીજ નિયમો ૨૦૦૫ ની કલમ ૩,૫,૬,૧૩ તેમજ ખાણ ખનિજ અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૨૨ હેઠળ સતાની રૂ એ નિયમ ૪(૧) (એ),૨૧ (૧) (૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ ની કલમ ૩ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ મુજબનો ગુન્હો ત.ક.અમલદારે દાખલ કરેલ. ત્યારબાદ ફોજદારી કેસ નં.૧૯૯/૨૦૧૫ થી સુત્રાપાડાના જયુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસની કોર્ટમાં રજીસ્ટરે નોંધવામાં આવેલ અને આંક-૪

થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ જેમાં આરોપીઓએ ગુનો નાકબુલ કરતા આરોપીઓ વિરૂદ્ધની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ. ત્યારબાદ ગુજરાત સરકારના કાયદા વિભાગના તા.૨૯/૦૭/૨૦૨૨ ના રોજના હાઈકોર્ટના નોટિફિકેશન અન્વયે તેમજ જીલ્લા અદાલત ગીર સોમનાથના નોટીફિકેશન નં.બી/૧૬/૨૦૨૨ ના તા.૨૨/૦૮/૨૦૨૨ થી માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ-૧૯૫૭ ની કલમ-૪(૧)(એ૧) અન્વયે અત્રેની અદાલતે મોસ્ટ સીનીયર ડિસ્ટ્રીકટ એડિશ્નલ સેશન્સ જજ હેડકવાર્ટર ખાતેના હોય સ્પેશ્યલ કોર્ટ તરીકે નિમણુક કરતા ડિસ્ટ્રીકટ કોર્ટના ઓફિસ ઓર્ડર નં.A/38/2022 તા.૧૬/૦૧/૨૦૨૩ અન્વયે આ કેસ અત્રેની અદાલતમાં કમીટ કરવામાં આવેલ.

**૨.૧** અત્રેની કોર્ટમાં કેસ ટ્રાન્સફર થઈ આવ્યા બાદ અત્રેની અદાલતે આરોપીઓને સમંસ કરતા આરોપીઓ હાજર થયેલ અને આંક-૯ થી આરોપીઓ ઉપર તહોમતનામુ ફરમાવી આંક-૧૦ થી આંક-૨૨ સુધી આરોપીઓની પ્લી લેતા આરોપીએ ગુનો નાકબુલ કરતા આરોપી ઉપર ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને કાર્યવાહી ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ. બાદ વિ.પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળા દ્વારા આંક-૨૮ થી પુરસીસ આપી એવુ જાહેર કરેલ કે ફોજદારી કેસ નં.૧૯૯/૧૫ ના કામે લેવાયેલ પુરાવાને હાલના કેસનો પુરાવો ગણવો અને એવી વિનંતી કરેલ કે જે પુરાવો ટ્રાયલ કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે તે જ પુરાવો હાલની અદાલતમાં ગણવા વિનંતી છે. જો ફરી વખત સાક્ષી સાહેદોને બોલાવવામાં આવે તો જે હકીકતનો પુરાવો મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ રજુ થયેલ છે તે જ પુરાવો અત્રેની અદાલત સમક્ષ આવે તેમ છે અને ફીરયાદી અને અન્ય સાહેદો સરકારી કર્મચારીઓ છે હાલ બહારના જીલ્લામાં ફરજ બજાવે છે જેથી તેઓની કાર્યવાહીમાં વિક્ષેપ થાય તે સાહેદોએ હાડમારી ભોગવવી પડે અને કોઇ વિશેષ હકીકત અત્રેની અદાલતમાં પુરાવામાં આવી શકે તેમ નથી. તેમજ આરોપીના વિ.વ.શ્રી એમ.જી.શીકોતરાનાઓએ પુરસીસમાં સહી કરેલ અને એવી વિનંતી કરેલ છે કે, અમોએ જે ફરિયાદપક્ષના સાક્ષી સાહેદોની જે ઉલટતપાસ કરેલ છે

તેનાથી કોઇ વિશેષ ઉલટતપાસ અમારે કરવી નથી અને ફરિયાદપક્ષની વિનંતી મુજબ એ જ પુરાવો અત્રેની અદાલતમાં ગણવામાં આવે તો અમને કંઇ વાંધો નથી અને જો નવેસરથી પુરાવો ગણવામાં આવે તો કાર્યવાહી લંબાય તેમ હોય જે સ્ટેજે મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કાર્યવાહી સ્થગિત થયેલ ત્યાંથી આગળ ચલાવી તે વિશેષ નિવેદનને હાલના કેસમાં પણ વિશેષ નિવેદન ગણી અમારી દલીલ સાંભળી લેવા વિનંતી છે.

**3.** બંને પક્ષકારોની ઉપરોકત રજુઆત ધ્યાને લઇ ટ્રાયલ કોર્ટનો જે પુરાવો નોંધવામાં આવે છે તે જ પુરાવો અત્રેની અદાલતનો પુરાવો ગણી રજુ થયેલ પુરાવાને નવેસરથી આંક આપી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## ૩.(એ) **ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–**

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ખીમાભાઇ મેણસીભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૨૯ |
| ૨ | મુકેશભાઇ મેરામણભાઇ સોલંકીની જુબાની | સાહેદ | ૩૧ |
| ૩ | નારણભાઇ ઉકાભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૩૨ |
| ૪ | ભીમાભાઇ વાહાભાઇ છાત્રોડાની જુબાની | પંચસાહેદ | ૩૩ |
| ૫ | હિતેશભાઇ માણેકલાલ ભડીયાદરાની જુબાની | સાહેદ | ૩૫ |
| ૬ | સહદેવભાઇ જોરસંગભાઇની જુબાની | જુનીયર કલાર્ક | ૩૬ |
| ૭ | નવનીતભાઇ દેવાયતભાઇની જુબાની | જુનીયર કલાર્ક | ૩૭ |
| ૮ | જુવાનસિંહ ઘનશ્યામસિંહની જુબાની | રેડીંગ પાર્ટીના સાહેદ | ૩૮ |
| ૯ | કાનાભાઇ અરજણભાઇ સોલંકીની જુબાની | પંચસાહેદ | ૩૯ |
| ૧૦ | જીજ્ઞેશભાઇ રસીકલાલ દવેની જુબાની | સાહેદ | ૪૦ |
| ૧૧ | રવિરાજસિંહ અશોકસિંહ જાડેજાની જુબાની | ત.ક.અમલદાર | ૪૬ |
| ૧૨ | રમેશભાઇ અભુભાઇ જાદવની જુબાની | ત.ક.અમલદાર | ૪૭ |
| ૧૩ | ભરતકુમાર મગનભાઇની જુબાની | ફરિયાદી | ૪૮ |

## ૩.(બી)**ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૩૦ |
| ૨ | પંચરોજકામ | ૩૪ |
| ૩ | અરજદારની અરજી તથા ખરી નકલ | ૪૧-૪૨ |
| ૪ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૩ |
| ૫ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૪ |
| ૬ | લાટી ગામના ગામ નમુના નં.૭ ની નકલ | ૪૫ |
| ૭ | સીઝરમેમો | ૪૯ |
| ૮ | ફરિયાદ | ૫૦ |
| ૯ | ફોટોગ્રાફસ | ૫૧-૫૪ |

**૪.** ફરિયાદ પક્ષે **આંક-૬૫** થી પોતાનો પુરાવો પુરો થયાનું પુરસીસથી જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓની વિરૂદ્ધ ફરિયાદ પક્ષના સાહેદોએ આપેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતાના બચાવ પક્ષે સાહેદો તપાસવા નથી કે બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ કરવો નથી તેવું જાહેર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, "અમો તદ્દન નિર્દોષ છીએ. આ ગુનામાં અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે. "

**૫.** ઉપરોકત હકીકતના આધારે મારી સમક્ષ નીચેનો મુદો ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા::-**

**મુદ્દા નં. ૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૨૬.૦૬.૨૦૧૪ ના કલાક ૦૯:૩૦ ના સુમારે લોખંડની ચકરડીઓ તથા ડીઝલ એન્જીનો વડે સરકારી જમીનમાં ખનીજનુ વગર મંજુરીએ વહન/ખોદકામ તથા સંગ્રહ તથા વેચાણ કરી કુલ-૧૬૧૯૯ ટન તથા ચકરડી નંગ ૧૫ ડીઝલ એન્જીનો સાથે કિ.રૂ. ૩૮,૮૭,૭૬૦/- ખનીજ ચોરી કરી આરોપીઓએ ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ ની કલમ ૪ તથા ખાણ ખનિજ વિકાસ અને નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) એ તથા ૨૧ ગુજરાત ખનીજ નિયમો

૨૦૦૫ ની કલમ ૩,૫,૬,૧૩ તેમજ ખાણ ખનિજ અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૨૨ હેઠળ સતાની રૂ એ નિયમ ૪(૧) (એ),૨૧ (૧) (૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ ની કલમ ૩ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

**૬.** ઉપરોક્ત મુદ્દા સંદર્ભેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** નકારમાં

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

## <u>-:: દલીલ ::-</u>

**૭.** ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, આ કામે આંક-૨૯, ૩૨ અને આંક-૩૩ થી પંચોને તપાસેલા છે. આંક-૪૦ થી ભુસ્તરશાસ્ત્રીનો પુરાવો લીધેલ છે તેણે આરોપીઓએ ખનીજચોરી કર્યાનો પુરાવો આપેલ છે. ભુસ્તરશાસ્ત્રીએ જે રોજકામ કરેલ છે તે રજુ કરેલ છે. લાટી ગામના રેવન્યુ રેકર્ડની નકલ આંક-૪૩ થી આંક-૪૫ સુધીની રજુ કરેલ છે જે મુજબ જમીનની માલીકી સાબીત કરેલી છે. સીઝરમેમો આપેલ તે રજુ કરેલ છે. ફોટોગ્રાફ્સ રજુ કરેલ છે અને ગેરકાયદેસર ખનન કરતા હતા તેવુ સાક્ષી સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ સાબીત કરેલ હોય આરોપીઓને સખત સજા કરવા વિનંતી છે.

**૮.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી.એચ.સી.ચૌહાણની દલીલ છે કે, ખાણખનીજ ખાતાના અધિકારીઓએ જે પંચનામુ, રોજકામ કરેલુ તેને તમામ પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. કયા ખાડામાં કોણે ખોદકામ કરેલુ હતુ તે સાબીત થતુ નથી. જી.એચ.સી.એલ. માં આ ચકરડીઓ રાખેલી તેવુ ફરિયાદીનુ કહેવુ છે. પરંતુ જી.એચ.સી.એલ. ના અધિકારીને તપાસેલા નથી. આંક-૩૫ થી હિતેશભાઇ માણેકલાલ ભડીયાદરા સીનીયર કલાર્કનો પુરાવો રજુ થયેલ છે તેઓ પણ ઉલટતપાસમાં એવુ સ્વીકારે છે કે, આ વિસ્તારમાં કેટલી લીઝ આપવામાં આવેલી તે જાણતા નથી. ચકરડી બંધ

હાલતમાં હતી તેમજ અન્ય સાહેદોએ પણ લીઝમાં જમીન આપ્યાની હકીકત સ્વીકારે છે. આંક–૩૭ થી જુનીયર કલાર્ક નવનીતભાઇને તપાસેલા છે. તેઓ પણ આંક–૩૫ ના સાહેદ મુજબનો પુરાવો આપે છે. ચકરડી બંધ હતી ફરિયાદ મુજબ સ્થળ ઉપર આરોપીઓ હતા જ નહી તેવો પુરાવો આપે છે. જે રેડીંગ પાર્ટીના સાહેદ જુવાનસિંહ એવો પુરાવો આપે છે કે, હું આરોપીઓને જોયે ઓળખી શકુ. આરોપીઓના નામ યાદ નથી. તેઓએ જાતે આરોપીઓને જોયેલ જ નહી અને સ્થળ ઉપર હાજર ન હોય ત્યારે ખોટો પુરાવો આપે છે તેમ માની શકાય. આંક–૪૦ થી ભુસ્તરશાસ્ત્રી જીજ્ઞેશભાઇ રસીકલાલનો પુરાવો નોંધવામાં આવેલ છે તેણે એવો પુરાવો આપેલ છે કે, જેશા માંડાએ અરજી આપેલી જેના આધારે તપાસ કરેલી. પંચનામામાં પંચોના જણાવ્યા મુજબ આરોપીના નામ જાણવા મળેલા પરંતુ પંચોએ નામ જણાવેલ હોય તેવો પુરાવો આપતા નથી. કયા સર્વે નંબરમાં કેટલા ખાડા છે તે દર્શાવેલ નથી. સર્વે નંબરના માપસાઇઝની ખબર નથી. સર્વે નં.૮૧૭/૨ ના ૭/૧૨ માં ખાણીયાઓને પરવાના આપ્યાનો ઉલ્લેખ છે. સર્વે નં.૮૮૩ ની ૭/૧૨ રજુ થયેલ છે જેમાં એક હેકટરમાં લીઝ હોવાનુ જાણવા મળેલ છે. આંક–૪૧ થી જેશાભાઇની અરજી રજુ થયેલ છે. આ કામે સદર સાહેદનુ નિવેદન લેવામાં આવેલ નથી. આંક–૪૨ મુજબ કલેકટરશ્રી ભુસ્તરશાસ્ત્રીએ આ અરજી અન્વયે પત્ર લખેલ તેના આધારે તપાસ કરેલ છે પરંતુ તે વ્યકિતઓનો પુરાવો રજુ થયેલ નથી. ભુસ્તરશાસ્ત્રીએ મોડી ફરિયાદ કર્યાનો ખુલાસો કરેલ નથી તેમજ તેઓએ ફરિયાદ દાખલ કરવા અધીકૃત હોવાનો પણ કોઇ આધાર રજુ કરેલ નથી. લીજધારકોની ખાણ છે કે કેમ તેની ખરાઇ કરેલી નથી. તપાસ કરનાર અમલદારે પણ જે પુરાવો રજુ કરેલ છે તે મુજબ તેઓએ આરોપીને અટક કરીને ચાર્જશીટ કરેલુ છે તે સીવાય કોઇ હકીકત તેના પુરાવામાં જણાય આવતી નથી જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

## –॥ પુરાવાનું મુલ્યાંકન ॥–

## મુદ્દા નં.૧

૯. ફરિયાદી ભરતકુમાર મગનલાલનો પુરાવો આંક-૪૮ થી નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપેલ છે કે, તેઓ ભુસ્તરશાસ્ત્રી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે લાટી ગામમાં પથ્થરની ચોરી અટકાવવા લેખિત રજુઆત જેશાભાઇ માંડાભાઇ બારડનાએ કરેલ તે અન્વયે અમે તા.૨૬.૦૬.૨૦૧૪ ના રોજ આકસ્મીક તપાસ કરતા જુદી જુદી ૧૫ જગ્યાએ તાજુ બિલ્ડીંગ લાઇમસ્ટોનનુ ખનીજનુ ખાણકામ જોવા મળેલ અને ૧૫ ખાડાઓમાં ૧૫ ડીઝલ એન્જીનવાળી પથ્થર કાપવાની ચકરડીઓ બંધ હાલતમાં જોવા મળેલ. આ બાબતે ગામના પંચોને પુછપરછ કરતા ૧૫ અલગ અલગ ઇસમો દ્વારા ખાણકામ કરવામાં આવેલ અને લાઇમસ્ટોનની ચોરી કરવામાં આવેલ તેવુ જણાવેલુ જેની માપસાઇઝ લીધેલ. કયા ખાડામાં કોના દ્વારા ખોદકામ કરવામા આવે છે તે જાણતા નથી. પરંતુ આ ૧૫ ઇસમો દ્વારા ખાણો ચલાવવામાં આવે છે તેના નામ પંચનામામાં જણાવેલ છે અને આંક-૫૪ વાળા પંચનામામા મારી ભુસ્તરશાસ્ત્રી દવેસાહેબ તથા માઇન્સ સુપરવાઇઝર ભાવેશ સાધુ તેમજ સીનીયર કલાર્ક હિતેશ ભડીયાદરાની સહી છે. જે પંચનામાના તમામ આરોપીઓના નામ છે. માપણી કરી સાઇઝ બતાવેલ છે અને સીઝરમેમો તૈયાર કરેલ તે આંક-૧૧૩ થી રજુ કરેલ છે. ઉપરોકત ચકરડીઓ સુત્રાપાડા જીએચસીએલ કંપનીમાં રાખેલ અને ૧૫ ખાડાઓમાં કુલ ૧૬૧૯૯ મેટ્રીકટન બીલ્ડીંગ લાઇમસ્ટોનનુ ગેરકાયદેસર ખોદકામ કરી રૂા.૩૮,૮૭,૧૬૦/- ની ખનીજચોરી કર્યાની લેખિત ફરીયાદ મે પોલીસસ્ટેશનમાં આપેલી જે આંક-૫૦ થી રજુ છે. અને ફોટોગ્રાફસ આંક-૫૧ થી ૫૪ સુધી રજુ છે. તેમજ આંક-૪૧ થી અરજદાર જેશાભાઇ માંડાભાઇએ બારડનાએ તા.૩૧.૦૫.૨૦૧૪ ના રોજ અરજી કરેલ તે ફરિયાદ સાથે આપેલી તેવુ જણાવેલ છે અને રેવન્યુ રેકર્ડ આંક-૪૩ થી આંક-૪૫ સુધીના જમીન બાબતેના આપેલા. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે જેમાં તે એવો પુરાવો આપે છે કે, મને ભુસ્તરશાસ્ત્રી જી.આર.દવેએ મૌખિક ફરિયાદ દાખલ કરવા જણાવેલુ. હું ભુસ્તરશાસ્ત્રી મદદનીશ તરીકે ફરિયાદ દાખલ કરવા અધિકૃત છુ તેનો કોઇ આધાર રજુ કરેલ નથી. અમો સ્થળ ઉપર ગયેલ ત્યારે ચકરડી એન્જીન સાથે

ચાલુ હતી તેવુ જોવામાં આવેલ નહી. માણસો કામ કરતા હતા તેવુ જોવામાં આવેલ નહી. ખોદકામ તાજુ હતુ. તમામ સર્વે નંબરવાળી લગભગ ૨૦૦ હેકટર જેટલો વિસ્તાર હશે. પંચરોજકામ કયારે શરૂ થયુ અને કયારે પુરુ થયુ તે દર્શાવેલુ નથી. મે જે આંક–૪૩ થી ગામ નમુના નં.૭ રજુ કરેલ છે તેમાં કાળાભાઇ મસરીભાઇની લીજ ૧ હેકટર લખેલ છે તેમજ બીજી માઇનીંગ લીજ લખેલ છે પરંતુ વિસ્તાર લખેલ નથી તેમજ આંક–૪૪ વાળી ગામનમુના નં.૭ ભુખરા પથ્થરની સરકાર તરફથી ખાણીયાઓને પરવાના પ્રમાણે સનદો અપાયેલ છે આ ખાડાઓ કાળાભાઇ અને અન્ય ખાણીયાઓ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ તે અંગે પુછપરછ કે તપાસ કરેલી નથી. મે જેશાભાઇની અરજી આધારે તપાસ કરેલી તેનુ નિવેદન લીધેલ નથી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ખોટી ફરિયાદ કરેલ છે. આમ, આ ફરિયાદી સાહેદનો પુરાવો ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, આંક–૪૩ થી આંક–૪૫ સુધીના ગામનમુના નં.૭ મુજબની સરકારી જમીનમાં ખોદકામ થયેલ હતુ જે તાજુ હતુ અને ૧૫ જેટલા ખાડાઓ પડેલ હતા અને ૧૬૧૯૯ મેટ્રીકટન લાઇમસ્ટોનની ચોરી થયાનુ માલુમ પડેલ અને તપાસ જેશાભાઇ માંડાભાઇની અરજીના આધારે કરવામાં આવેલુ તેનુ નિવેદન લેવામાં આવેલ નથી કે તેને આ કામમા સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ સ્થળ પર ચકરડી મળી આવેલ પરંતુ જયારે તપાસ કરવામાં આવેલ ત્યારે ખોદકામ ચાલુ ન હતુ અને કોઇ માણસો કામ કરતા ન હતા તેમજ જે લોકોને ખાણ આપવામાં આવેલ તેણે ખાણકામ કરેલ છે કે અન્ય વ્યકિતઓએ કરેલ છે તે અંગેની કોઇ પુછપરછ કરવામાં આવેલ નથી તેવુ ફલીત થાય છે. તેમજ ફરિયાદીને ફરિયાદ કરવાની સત્તા છે તદઉપરાંત તે અંગેનો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓના પુરાવા મુજબ તેઓએ પંચનામાની વિગતે પંચકામ કરેલુ અને ખાડાનુ માપ વગેરે લીધેલ.

**૧૦.** રેડીંગપાર્ટીમાં જે સાહેદ હાજર હતા તે જુવાનસિંહ ઘનશ્યામસિંહનો પુરાવો આંક–૩૮ થી નોંધવામાં આવેલ છે. તેણે એવો પુરાવો આપેલ છે કે, હું બનાવની જગ્યાએ રેઇડમાં ગયેલ ત્યાં ૧૫–૨૦ ખાડાઓ જોવા મળેલા. જી.એચ.સી.એલ.ના મેદાનમાં ચકરડીઓ રાખેલી છે. ૧૬૦૦૦ થી વધારે

મેટ્રીકટન લાઇમસ્ટોનનુ ખોદકામ જોવા મળેલ અને આંક-૩૪ વાળુ જે પંચનામુ કરેલુ તેમાં મારી સહી છે ગુનાની ફરિયાદ ભરતભાઇએ આપેલી. ઉલટતપાસમાં આ સાહેદ એવો પુરાવો આપે છે કે, રેઇડ કરેલ જગ્યાએ કટીંગ કરેલ બેલાઓ જોવા મળેલા ત્યારે માણસો મજુરો વાહનો કે ચકરડીઓ જોવા મળેલ નહી. મે કોઇ સ્વતંત્ર માણસ સાથે વાતચીત કરેલી નહી. આ સાહેદના પુરાવા મુજબ રેઇડ કરેલી ત્યારે આરોપીઓ જોવા મળેલા નહી.

**૧૧.** ભુસ્તરશાસ્ત્રી જીગ્નેશ રસીકલાલ દવેનો પુરાવો આંક-૪૦ થી નોંધવામાં આવેલ છે તેણે એવો પુરાવો આપેલ છે કે, કલેકટરશ્રી તથા અમોને રજુઆત મળેલ જેના આધારે તા.૨૬.૦૬.૨૦૧૪ ના રોજ અમો તપાસ માટે ગયેલા. ચાર પંચોને સાથે રાખી સર્વે નં.૮૧૭/૨, ૮૭૪ તથા ૮૮૩ પૈકી અલગ અલગ ૧૫ જગ્યાએ તાજુ ખોદકામ જોવા મળેલ તથા સ્થળે ચકરડી મશીનો તથા અલગ એન્જીન જોવા મળેલા અને ૧૬૧૯૯ મેટ્રીકટન લાઇમસ્ટોન ખનીજચોરી કરેલી હતી તેવુ માલુમ પડેલુ. સીઝરમેમો તૈયાર કરેલો. પંચરોજકામમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ પંચનામામાં ભુસ્તરશાસ્ત્રી મદદનીશ માઇન્સ સુપરવાઇઝર તથા સર્વેયર તથા કલાર્કની સહીઓ છે. જેમાં મશીનની વિગતો પણ લખેલ છે. જેશાભાઇ માંડાભાઇ દ્વારા અરજી આપવામાં આવેલી તે અમોને મળેલી જેની ખરી નકલ આંક-૪૧-૪૨ થી રજુ છે. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કેરલ છે જેમાં તેણે એવો પુરાવો આપેલ છે કે, ખાડાઓની માપસાઇઝ મને યાદ નથી. પંચનામામાં એક ખાડો બીજા ખાડાથી કેટલા અંતરે આવેલો તેની વિગત દર્શાવેલ નથી. પંચનામુ મારી રૂબરૂમાં કરવામાં આવેલ કોના હસ્તાક્ષરમાં છે તે યાદ નથી. ચકરડીઓમાં જુદી જુદી કંપનીઓના મશીનો હોય જેનો ઉલ્લેખ પંચરોજકામમાં કરેલ નથી. પંચરોજકામ મુજબ છેલ્લા છ માસથી કટર તથા ચકરડીઓ અને મશીનો દ્વારા ખોદકામ થતુ હતુ. ગામનમુના નં.૭ માં કાળાભાઇ મસરીભાઇની એક હેકટર જેટલી લીજ હોવાનો ઉલ્લેખ છે તેમજ નોંધ નં.૧૬૧૪ મુજબ ખાણીયાઓને ભુખરા પથ્થરના પરવાના આપવામાં આવેલ છે જે બંને દસ્તાવેજો આંક-૯૮ થી આંક-૯૯ સુધી રજુ થયેલ છે. અને આંક-૯૯ વાળી જમીન સરકારી પડતર છે અને ખનીજચોરી તથા

રેતીચોરીમાં વપરાતા આશરે ૧૦૦ ટ્રેકટરનો ઉલ્લેખ કરેલ છે. રેતી ચોરીનો ઉલ્લેલ કરેલ નથી. ૧૦૦ ટ્રેકટર અંગે અમારા દ્વારા કોઈ તપાસ કરવામાં આવેલ નથી. મે કોઇ આરોપીના નામ લખાવેલ નથી. જે તે સમયે લાટી ગામના તલાટી મંત્રી કે સરપંચનો સંપર્ક કરાવેલ નથી. કયા સર્વે નંબરમાં કયા ખાડો છે તે મેળવવા અમે તલાટીમંત્રીને બોલાવેલ નથી. આમ, આ સાહેદની જુબાની જોતા જે જમીન છે તેમાં ખાણ અંગેની પરવાનગી આપવામાં આવેલ છે. પંચો રૂબરૂ રોજકામ કરવામાં આવેલ છે. ખાડાઓ તાજા હતા આ સાહેદે એવો પુરાવો આપેલ નથી તે ગયેલ ત્યારે ખોદકામ ચાલુ હતુ કે કોઇ વ્યકિતઓ હાજર હતા તેવો પુરાવો આપતા નથી. ૧૦૦ ટ્રેકટરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. રેતીચોરીનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેવુ જણાય આવે છે.

**૧૨.** હિતેશભાઈ માણેકલાલ ભડીયાદરાનો પુરાવો આંક-૩૫ થી નોંધવામાં આવેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તા.૨૬.૦૬.૨૦૧૪ ના રોજ ગેરકાયદેસર ખનનની કામગીરીની રેઈડમાં મદદ કરવા સારૂ હું લાટી ગામે ગયેલ ત્યાં ૧૬,૧૯૯ મેટ્રીકટન ખોદકામ થતુ હતુ. જુદા જુદા ૧૫ ખાડાઓમાંથી ૧૫ ચકરડી જોવા મળેલ. આ ચકરડી જી.એચ.સી.એલ. ના કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલ અને આંક-૩૪ વાળા પંચનામુ તેની સહી છે. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે તેમાં પણ એવો પુરાવો આપે છે કે, બનાવવાળી જગ્યાએ દરીયાઇ કાંઠાનો વિસ્તાર છે. કેટલા વિસ્તારમાં ફેલાયેલ છે તે યાદ નથી. સરકારશ્રી દ્વારા આ વિસ્તારમાં કેટલા માણસોની લીજ આપવામાં આવેલ છે તેને મને ખબર નથી. અમે જયારે પહોંચેલ ત્યારે ચકરડીઓ અને મશીનો બંધ હાલતમાં હતા. મે કોઇ આરોપીના નામ અન્ય પાસેથી જાણેલા નહી. ફરિયાદી ભરતકુમાર મગનલાલના આંક-૪૮ ના પુરાવા તેમજ આંક-૫૦ વાળી ફરિયાદ મુજબ તા.૨૬.૦૬.૨૦૧૪ ના રોજ લાટી ગામે સર્વે નં.૮૦૭ પૈકી ૨ પૈકી-૨, ૭૭૪ અને સર્વે નં.૮૮૩ વાળી સરકારી પડતરવાળી જમીનમાં રદ કરવામાં આવેલી. ચેકિંગ કરવામાં આવેલુ ત્યાં ૧૫ ખાડા જોવા મળેલા અને ખાડાઓ તાજા હતા તેમજ સ્થળ પરથી ખોદકામ માટેની ચકરડી મળી આવેલ જયારે રેઇડ કરવામાં આવેલી ત્યારે

ચકરડીઓ બંધ હાલતમાં હતી અને ગામના પંચોની પુછપરછ કરતા ૧૫ ખાડાઓમાં લાઇમસ્ટોનનુ ખોદકામ કરવામાં આવેલુ અને પંચોએ જણાવેલ છે કે, કયા ખાડામાં કોના દ્વારા ખોદકામ કરવામાં આવેલ છે તે જાણતા નથી પરંતુ આ ૧૫ ઇસમો દ્વારા ખોદકામ કરવામાં આવેલ છે તેનુ નામ અમોને પંચોએ જણાવેલા. આમ, આ ફરિયાદી અને અન્ય જરૂરી ખાતાના અધિકારીઓના પુરાવા મુજબ પંચોએ કોના દ્વારા ખોદકામ કરવામાં આવેલ છે તેના નામ જણાવેલા અને તેઓએ સ્થળ પર ગયેલ ત્યારે માણસો કામ કરતા હોય તેવુ જોવામાં આવેલ નહી અને ચકરડી બંધ હતી. આમ, ઉપરોકત જે સાહેદો પી.ડબલ્યુ.-૪,૮,૧૦,૧૩ નો પુરાવો જે લેવામાં આવેલ તે મુજબ સ્થળ ઉપર ગયેલ ત્યારે ચકરડી એન્જીન સાથે ચાલુ હોય અને માણસો કામ કરતા હોય તેવુ જોવા મળેલુ નહી અને ખોદકામ કોણે કરેલુ તેના નામ ગામના ચાર પંચોએ આપેલ અને તેઓની હાજરીમાં પંચરોજકામ કરેલુ તે પંચ ભીમાભાઇ વાહાભાઇ છાત્રોડાની જુબાની આંક-૩૩ થી અને નારણભાઇ ઉકાભાઇ સોલંકીનો પુરાવો આંક-૩૨ થી તેમજ કાનાભાઇ અરજણભાઇનો પુરાવો આંક-૩૯ થી તેમજ મુકેશભાઇ મેરામણભાઇનો પુરાવો આંક-૩૧ થી લેવામાં આવેલ છે જે પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે અને તેઓ પંચનામા વિશે કશુ જાણતા નથી તેવો પુરાવો આપે છે. આમ, આ ચારેય પંચોના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**૧૩.** તપાસ કરનાર અમલદાર દ્વારા જે પંચનામુ કરવામાં આવેલ તે પંચનામુ આંક-૩૦ થી રજુ છે. તેના પંચ ખીમાભાઇ મેણસીભાઇ સોલંકીને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે તેમજ નારણભાઇ ઉકાભાઇનો પુરાવો આંક-૩૨ થી નોંધવામાં આવેલ છે જે બંને પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી અને સહી સીવાય કાંઇ જાણતા નથી તેવો પુરાવો આપે છે જેથી તેઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ સાબીત થતુ નથી.

**૧૪.** સહદેવભાઇ જોરસંગભાઇ તથા નવનીતભાઇ દેવાયતભાઇ જુનીયર કલાર્કનો પુરાવો આંક-૩૬ તથા આંક-૩૭ થી નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપે છે કે, ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા

હતા તે વખતે તા.૨૬.૦૬.૨૦૧૪ ના રોજ લાટી ગામે અમારા ઉપરી અધિકારી સાથે રેઈડમાં ગયેલ ત્યાં ૧૫ તાજા ખાડા જોવા મળેલા. આરોપીઓ બનાવ સ્થળે હાજર ન હતા. ખાડાની માપણી કરવામાં આવેલી અને ૧૬૧૯૯ મેટ્રીકટન ખનીજનુ ખોદકામ કરવામાં આવેલુ આ પ્રકારનો પુરાવો આ બંને સાહેદોએ આપેલ છે. ઉલટતપાસમાં આ બંને સાહેદો એવી હકીકત કબુલેલ છે કે, <u>બનાવ સમયે પથ્થરો, માણસો કે મજુરો જોવા મળેલા નહી.</u>

**૧૫.** આંક-૪૬ થી તપાસ કરનાર અમલદાર, રવિરાજસિંહ અશોકસિંહ જાડેજાનો પુરાવો નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપે છે કે, તા.૧૭.૦૭.૨૦૧૪ ના રોજ અમારી સુત્રાપાડા પોલીસસ્ટેશનમાં પોસ્ટીંગ થયેલ ત્યારે આ તપાસ મળેલી જે અમોએ સંભાળી લીધેલી. સાહેદોના નિવેદનો લીધેલા પુરતા પુરાવા મળતા આરોપીની ધરપકડ કરેલી અને અમારી બદલી થતા આગળની તપાસ એ.એસ.આઇ. આર.એ.જાદવને સોંપેલ. આર.એ.જાદવનો પુરાવો આંક-૪૧ થી નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપે છે કે, અમે આર.એ.જાડેજાની બદલી થતા તપાસ સંભાળેલ અને આરોપી નવીનભાઇને અટક કરી કોર્ટમાં રજુ કરેલ. કાગળોનો અભ્યાસ કરી પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

**૧૬.** સમગ્ર રીતે પુરાવાનુ મુલ્યાંકન કરતા એ હકીકત ફલીત થાય છે કે, ફરિયાદી ભરતભાઇ મગનભાઇના પુરાવા મુજબ તેઓ ફરિયાદ દાખલ કરવા અધિકૃત છે તે અંગેનો કોઇ આધાર રજુ કરેલ નથી. જેથી અધિકૃત અધિકારી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તેવુ સાબીત થતુ નથી. તેમજ આંક-૪૩ થી આંક-૪૫ સુધીના ગામનમુના નં.૭ મુજબની સરકારી જમીનમાં ખોદકામ થયેલ હતુ જે તાજુ હતુ અને ૧૫ જેટલા ખાડાઓ પડેલ હતા અને ૧૬૧૯૯ મેટ્રીકટન લાઇમસ્ટોનની ચોરી થયાનુ માલુમ પડેલ અને તપાસ જેશાભાઇ માંડાભાઇની અરજીના આધારે કરવામાં આવેલુ તેનુ નિવેદન લેવામાં આવેલ નથી કે તેને આ કામમા સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ સ્થળ પર ચકરડી મળી આવેલ પરંતુ જયારે તપાસ કરવામાં આવેલ ત્યારે ખોદકામ ચાલુ ન હતુ અને કોઈ માણસો કામ કરતા ન હતા તેમજ જે લોકોને ખાણ આપવામાં આવેલ તેણે ખાણકામ કરેલ છે કે અન્ય વ્યકિતઓએ કરેલ છે તે

અંગેની કોઈ પુછપરછ કરવામાં આવેલ નથી તેવુ ફલીત થાય છે. તેમજ ફરિયાદીને ફરિયાદ કરવાની સત્તા છે અને તેઓએ તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓના પુરાવા મુજબ તેઓએ પંચનામાની વિગતે પંચકામ કરેલુ અને ખાડાનુ માપ વગેરે લીધેલ.તેમજ રેડીંગપાર્ટીના સાહેદ જુવાનસિંહના આંક-૩૮ ના પુરાવા મુજબ માણસો, મજુરો, વાહનો કે ચકરડીઓ જોવા મળેલ નહી. તેમજ ભુસ્તરશાસ્ત્રી જીગ્નેશ રસીકલાલ દવેના આંક-૪૦ ના પુરાવા મુજબ ગામનમુના નં.૭ માં કાળાભાઈ મસરીભાઈની એક હેકટર જેટલી લીજ હોવાનો ઉલ્લેખ છે તેમજ નોંધ નં.૧૬૧૪ મુજબ ખાણીયાઓને ભુખરા પથ્થરના પરવાના આપવામાં આવેલ છે જે બંને દસ્તાવેજો આંક-૯૮ થી આંક-૯૯ સુધી રજુ થયેલ છે. અને આંક-૯૯ વાળી જમીન સરકારી પડતર છે અને ખનીજચોરી તથા રેતીચોરીમાં વપરાતા આશરે ૧૦૦ ટ્રેકટરનો ઉલ્લેખ કરેલ છે. રેતી ચોરીનો ઉલ્લેલ કરેલ નથી. ૧૦૦ ટ્રેકટર અંગે અમારા દ્વારા કોઈ તપાસ કરવામાં આવેલ નથી. મે કોઈ આરોપીના નામ લખાવેલ નથી. જે તે સમયે લાટી ગામના તલાટી મંત્રી કે સરપંચનો સંપર્ક કરાવેલ નથી. કયા સર્વે નંબરમાં કયા ખાડો છે તે મેળવવા અમે તલાટીમંત્રીને બોલાવેલ નથી. આમ, આ સાહેદની જુબાની જોતા જે જમીન છે તેમાં ખાણ અંગેની પરવાનગી આપવામાં આવેલ છે. પંચો રૂબરૂ રોજકામ કરવામાં આવેલ છે. ખાડાઓ તાજા હતા આ સાહેદે એવો પુરાવો આપેલ નથી તે ગયેલ ત્યારે ખોદકામ ચાલુ હતુ કે કોઈ વ્યકિતઓ હાજર હતા તેવો પુરાવો આપતા નથી. ૧૦૦ ટ્રેકટરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. રેતીચોરીનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેવુ જણાય આવે છે. તેમજ હિતેશ રસીકલાલ ભડીયાદરના આંક-૩૫ ના પુરાવા મુજબ તેમજ સાહેદ નં.૪,૮ અને ૧૦ ના પુરાવા મુજબ સ્થળ પર ગયેલ ત્યારે ચકરડી એન્જીન સાથે ચાલુ હોય અને માણસો કામ કરતા હોય તેવુ જોવા મળેલ નહી. તેમજ ફરિયાદીએ જે પંચરોજકામ કરેલુ તે ચારેય પંચોના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી અને તેઓએ કોઈ આરોપીના નામ આપેલા હોય તેવુ ફલીત થતુ નથી. આમ, સમગ્ર રીતે પુરાવાનુ મુલ્યાંકન કરતા હાલના આરોપીએ સ્થળ પર ખાણકામ કરતા હોય ગેરકાયદેસર રીતે ખનીજનુ ખનન

અને વહન કરેલ હોય તેવુ શંકારહીત ફરિયાદપક્ષે સાબીત થતુ નથી.

**૧૭.** આરોપીના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલના ફરિયાદીને ફરિયાદ દાખલ કરવાની સત્તા નથી તેમજ ફરિયાદ દાખલ કરવા માટે મંજુરી આપવામાં આવેલ હોય તેવો કોઇ મંજુરીનો પત્ર રજુ થયેલ નથી અને પોલીસને આ ગુનામાં કોગ્નીઝન્સ લઈ તપાસ કરવાની સત્તા નથી અને તે સંબંધે તેઓએ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખી અને રજુઆત કરેલ છે.

**૧૭.૧** માઈન્સ એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન એકટ ૧૯૫૭ ની કલમ–૨૨ મુજબ "No Court shall take cognizance of any offence punishable under this Act or any rules made thereunder except upon complaint in writing made by a person authorised in this behalf by the Central Government or the State Government."

**૧૮.** આમ, ઉપરોકત જોગવાઇ મુજબ રાજયસરકાર તથા કેન્દ્રસરકારે જે વ્યકિતને ફરિયાદ કરવા સુચના આપેલ હોય તેની લેખિત ફરિયાદ વિના કોર્ટ આ કાયદા અન્વયેના ગુનાનુ સંજ્ઞાન (કોગ્નીઝન્સ) લઈ શકે નહી અને આ કાયદા અન્વયે કઈ વ્યકિતને સત્તા આપવામાં આવેલ છે તેવુ G.S.R. 1201, published in Gaz. of India, 24–5–1969, Pt. II, section 3(i), p. 1361. મુજબ દર્શાવેલ છે. આ સબંધે અત્રેની અદાલતના વંચાણમાં આવેલ તાજેતરનો ચૂકાદો **રામ જીવાભાઈ કેશવાલા વિ. ગુજરાત રાજય ૨૦૨૫(૦)એજેએલ–એચસી ૨૪૯૯૫૦** ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, ગેરકાયદેસર ખાણકામ – કલમ ૨૨ ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અધિકૃત વ્યક્તિની લેખિત ફરિયાદ વિના કાયદા હેઠળ ગુનાઓની નોંધ લેવાની મનાઈ ફરમાવે છે – પોલીસ FIR નોંધી શકે છે પરંતુ કાયદા હેઠળ યોગ્ય અધિકૃતતા વિના કાર્યવાહી શરૂ કરી શકતી નથી. ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ – કલમ ૪૮૨ – ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ – કલમ ૪, ૨૨ – ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ – કલમ ૧૧૪, ૩૭૮, ૩૭૯ – ગેરકાયદેસર ખાણકામ અને ખનિજોની ચોરી બાબતે ફરિયાદી દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, જે રોયલ્ટી ઈન્સ્પેક્ટર છે, અને કલમ હેઠળ અધિકૃત અધિકારી નથી. ૧૯૫૭ના અધિનિયમની કલમ ૨૨ – તપાસ પૂર્ણ થયા પછી સંબંધિત

કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. સંબંધિત મેજિસ્ટ્રેટ પર ગુનાનું સંજ્ઞાન લેવા માટે કોઈ પ્રતિબંધ નથી પરંતુ આ અધિનિયમના કલમ ૨૨ ની જોગવાઈ મુજબ, ચાર્જશીટના આધારે મેજિસ્ટ્રેટ આ કાયદા હેઠળ સજાપાત્ર ગુનાનું સંજ્ઞાન લઈ શકે નહીં – તેના બદલે, રાજ્ય અથવા કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત અધિકારી માટે પોલીસ દ્વારા કરવામાં આવતી તપાસના આધારે મેજિસ્ટ્રેટ સમક્ષ લેખિતમાં ફરિયાદ દાખલ કરવાની છૂટ રહેશે – ફરિયાદમાં પોલીસ તપાસના કાગળો પણ શામેલ હોઈ શકે છે અને જ્યારે આવી લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવે છે, ત્યારે તે કિસ્સામાં, મેજિસ્ટ્રેટ માટે ઉપરોક્ત લેખિત ફરિયાદ પર સંજ્ઞાન લેવાનુ જરૂરી છે, જે આ કેસમાં નથી તેથી FIR રદ કરવામાં આવી હોય અને ફરિયાદીને ફરિયાદ કરવાની સત્તા છે તેવુ સાબીત થતુ ન હોય મુદ્દા નં.૧ માંહેની હકીકત સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::– આખરી હુકમ –::</u>**

**૧.** આ કામના આરોપી નં.૨ **ગોવિંદભાઈ નારણભાઈ સોલંકી જાતે કોળી** ઉ.વ.૩૨, રહે. લાટી તા.સુત્રાપાડા નં.૩ **રમેશભાઈ સરમણભાઈ મેવાડા જાતે કોળી,** ઉ.વ.૩૧, રહે. કદવાર તા.સુત્રાપાડા, નં.૪ **લખમણભાઈ વાસાભાઈ ખુંટડ જાતે કોળી** ઉ.વ.૪૦, રહે. લાટી તા.સુત્રાપાડા, નં.૫ **બીજલભાઈ પાંચાભાઈ કામળીયા જાતે કોળી** ઉ.વ. ૪૦ રહે. લાટી તા.સુત્રાપાડા, નં.૬ **વિજયભાઈ કાળાભાઈ સોલંકી જાતે આહીર** ઉ.વ.૨૮, રહે. લાટી તા.સુત્રાપાડા નં.૭ **પુંજાભાઈ કાનાભાઈ છાત્રોડીયા જાતે આહીર** ઉ.વ.૩૫, રહે. લાટી તા.સુતાપાડા, નં.૮ **વીરાભાઈ ઉર્ફે બીલાભાઈ જીવાભાઈ સોલંકી જાતે કોળી ઉ**.વ.૩૨, રહે. લાટી તા.સુત્રાપાડા નં.૯ **ગોપાલભાઈ ભીખાભાઈ સોલંકી જાતે કોળી** ઉ.વ.૨૨, રહે. લાટી તા.સુત્રાપાડા, નં.૧૦ **રામાભાઈ માલાભાઈ સોલંકી જાતે કોળી,** ઉ.વ.૩૫, રહે. લાટી તા. સુતાપાડા, નં.૧૧ **જેસુખભાઈ વરજાંગભાઈ સોલંકી જાતે આહીર** ઉ.વ.૩૫, રહે. લાટી તા.સુત્રાપાડા, નં.૧૨ **અજીતભાઈ ઉર્ફે અજયભાઈ દેવસીભાઈ બારડ જાતે આહીર** ઉ.વ.૩૪, રહે. કદવાર તા.સુતાપાડા નં.૧૩ **નારણભાઈ કરશનભાઈ**

**સોલંકી જાતે આહીર** ઉ.વ.૨૮ રહે. લાટી તા.સુત્રાપાડા, નં.૧૪ **નવીનભાઈ જગામાલભાઈ ઉર્ફે જગાભાઈ ઝાલા જાતે આહીર** ઉ.વ.૨૪ રહે. છાત્રોડા તા.વેરાવળનાઓને ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો ૨૦૧૦ ની કલમ-૪ તથા ખાણ ખનીજ વિકાસ નિયમન અધિનિયમ ૧૯૫૭ ની કલમ ૪(૧) (એ) તથા ૨૧ તથા ગુજરાત ખનીજ નિયમો ૨૦૦૫ ની કલમ ૩,૫,૬,૧૩,તેમજ ખાણ ખનીજ અધિનિયમ ૧૯૫૭ની કલમ-૨૨ હેઠળ મળેલ સતાની રૂએ નિયમ ૪(૧)(એ),૨૧(૧)(૨) તેમજ ખાણ ખનીજ છુટછાટ નિયમ ૨૦૧૦ની કલમ-૩ તથા આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબના ગુનામાંથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કામે આરોપી **નં.૧ ભગવાનભાઈ જેઠાભાઈ સોલંકી જાતે કોળી**નાઓ મરણ ગયેલ છે. તા.૧૮.૦૫.૨૦૨૧ ના રોજ તેઓની વિરૂદ્ધનો કેસ એબેટ કરવામાં આવેલ છે તેમજ તેઓ વિરૂધ્ધ પણ રેકર્ડ પર કોઇ પુરાવો આવેલ નથી.

**૩.** આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકો આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓએ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** મુદ્દામાલ અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અન્યથા અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૪/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬